હરિદ્રનારાયણ જ્ઞાનપ્રચારમાળા ... પુ૦ ૪

સત્યાનાશ

મૂળ લેખક
ચક્રવર્તિ રાજગોપાલાચાર્ય

અનુવાદક
રણછોડજી કેસુરભાઈ મીસ્ત્રી

પ્રકાશક
પ્રસ્થાન કાર્યાલય
અમદાવાદ

દોઢ આનો

સંચાલક અને પ્રકાશક
રણછોડજી કેસુરભાઇ મીસ્ત્રી
પ્રસ્થાન કાર્યાલય
અ મ દા વા દ

૩૨૦૦ પહેલી આવૃત્તિ : સં. ૧૯૮૫
['રાજાજીની વાતો'માં 'જીવલેણ ગાડું' એ નામથી, ચિત્ર વગર, સરસ્વતી ગ્રંથમાળામાં.]

*

૫૦૦૦ બીજી આવૃત્તિ : સં. ૧૯૮૬

મુદ્રક
પટેલ મૂળચંદભાઈ ત્રીકમલાલ
સૂર્યપ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસ
પાનકોર નાકા : અમદાવાદ

સત્યાનાશ

મકન અને તેની પત્ની પાર્વતીને 'નોખાં કર્યાં.' કોળી-ખેડૂતોમાં રિવાજ છે કે પુરુષ પરણે અને તેની સ્ત્રી સાસરવાસે આવે ત્યારે તેમને રહેવા માટે જુદું એલાયદું ઘર આપવું. તેઓ પોતાની મેળે મજૂરી કરી પોતાનો સંસાર ચલાવે. આળસુ ઉચ્ચ વર્ણોમાં એક જ ઘરમાં ચાર પાંચ કુટુંબો રહે છે અને કજિયા કંકાસ થાય છે તેના કરતાં આ રિવાજ સારો છે. મકનનાં માબાપ ઘરડાં હતાં અને તેઓ ગામમાં પોતાના કુટુંબના ઘરમાં રહેતાં હતાં. તેનો મોટો ભાઈ ખેતરમાં ઝૂંપડું બાંધીને રહેતો હતો. મકન તેની સ્ત્રી સાથે રહેવાનો હોવાથી તેમણે તેમનું ખેતર ત્રણ ભાગમાં વહેંચી લીધું. મોટોભાઇ તેના પોતાના ભાગ ઉપરાંત બાપનો ભાગ ખેડતો અને બાકી રહેલો ત્રીજો ભાગ મકનને સોંપ્યો. તેઓએ બધાએ ભેગા મળી તેને રહેવાનું કાચું ઘર બાંધી આપ્યું. ઢોર પણ વહેંચી લીધાં. મકનને ભાગ એક જોડી બળદ અને બે બકરી આવી.

મકન ત્રીસ વર્ષનો સુંદર ઊંચો જુવાન હતો અને પાર્વતી આખા ગામમાં સૌથી ફુટડી હતી. તેનાં મોં



મકન અને પાર્વતી

અને ઘાટ રાજાની રાણી જેવાં હતાં. તે ઘડી નવરી ન બેસતી. આ ઘરમાં જાણે તે ઘણા યે વખતથી રહેતી

હોય તેમ આ નવા ઘરમાં કામ કરતાં કરતાં જ્યારે મકન તરફ જોઇને તે હસતી, ત્યારે પોતે જાણે દુનિયાનો બાદશાહ હોય તેમ મકન મલકાતો.

પાર્વતી તેના પિયેરથી થોડા પૈસા લાવી હતી. તેમાંથી તેમણે એક દૂઝણી ભેંસ ખરીદી. બરાબર એની ઋતુએ વરસાદ પડ્યો, મકને સખત મજૂરી કરી, એટલે નાનકડા ખેતરમાં સારો પાક થયો. પાર્વતી હસતે મોંએ આખો દિવસ સખત કામ કરતી. મકન અને બળદો અને ખેતર અને ભેંસ એ એને મન આખી દુનિયા હતી. આ કામમાંથી પરવાર મળતી ત્યારે તે તેના પિયેરથી આણેલા રેંટિયે બેસતી. રાત્રે, ચાંદરણું હોય ત્યારે, તેની જેઠાણી પણ કાંતવા આવતી અને બન્ને વાતો કરતાં કરતાં કાંત્યાં કરતાં.

ભેંસ ઠીક ઠીક દૂધ દેતી. પાર્વતી દૂધ જમાવતી અને સવારના પહોરમાં વલોણું કરતી. સવારે નાઇધોઈ તે ગામમાં જતી, છાશ વેચતી અને અઠવાડિયામાં એકવાર વણકરોના મહોલ્લામાં જઇ ઘી વેચી આવતી. આમ તે અઠવાડિયામાં બે રૂપિયા કમાતી. બીજે વરસે મકને કામ વધારવા માંડયું. “આ ખેતર તો ઘણું નાનું છે. આપણા બન્ને માટે આખા વરસ પૂરતું

કામ નથી રહેતું. આપણે એક ગાડું લઇશું ? તેમાંથી થોડું મળી રહેશે. બળદ પાસે પણ આખું વરસ કામ લેવાશે. આ આપણા રામાને જ જોને. એને અઠવાડિયે ગાડામાંથી બે ત્રણ રૂપિયા મળે છે અને કોઈ કોઈ વાર તો ચાર પણ મળે છે. શા સારૂ તારા દૂધદહીંઘીના પૈસામાં થોડું ઉમેરી એક ગાડું નહિ લઈએ ? સાંભળ્યું છે કે સોમો મુંબાઈ જવાનો છે. તેનું દેવું ચૂકવવા તે ખેતર વેચી દેવાનો છે અને તેનું ગાડું પણ વખતે સોંઘામાં આપે. ”

આ સાંભળી પાર્વતી બોલી ઊઠી : “ ના, ના. આપણે તે સોમાનું ગાડું શા સારૂ લઇએ ? તેથી આપણું શું ભલું થવાનું ? અને શા સારૂ ઉછીતા પૈસા લઇને ગાડું લેવું ? આપણે અત્યારે શું ઓછાં સુખી છીએ ? ”

“ જા, જા ! સોમો તો દારૂડિયો છે તેથી તે ખુવાર થયો. તેથી તેના ગાડાને શું થયું ? એ તો મજબૂત ગાડું છે. આપણે વીસ રૂપિયા ઉછીતા લઈએ તો તે પાછા આપતાં કંઈ ભારે પડવાનું નથી, ” મકને તેને સમજાવ્યું.

" મારે તો મારા પૈસામાંથી સોનું લઈ તેનું દાણિયું કરાવવું છે. "

" ગાંડી ન થા ! " મકને કહ્યું. " તું તો આખા ગામમાં સૌથી રૂપાળી છે. ઘરેણાં પહેરીશ તો ઊલટું વરવું દેખાશે. "

મકનની વાત સાચી હતી. લોકો જે ઘરેણાં પહેરે છે તેનાથી તેના રૂપમાં કાંઇ વધારો થયો ન હોત.

"તમને પુરુષોને તો સ્ત્રીઓને શું જોઇએ તેની પરવા જ નહિ. શું સારૂં અને શું ખોટું તેની અમને સ્ત્રીઓને શી સમજ ! પૂછો કાકાને, અને તમને બધાને ઠીક લાગે તેમ કરો, " પાર્વતીએ કહ્યું.

મકનને ગાડું લેવાને ચારે પગે જોઇને 'કાકા'એ તેની ઈચ્છાનો વિરોધ ન કર્યો. અઠવાડિયું પૂરૂં થયું ન થયું ત્યાં તો મકન ખૂટતા ચાલિસ રૂપિયા વાણિયાને ત્યાંથી લઇ આવ્યો અને ગાડું ખરીદ્યું.

૨

મકન તેના ગાડા સાથે ઘણીવાર બહાર જતો. કોઈ કોઈ વાર તે દિવસ અને રાત બહાર રહેતો, અને કોઇ વાર લાંબી ખેપે જવું પડતું તો તેથી યે વધારે

સમય બહાર રહેતો. આ ખેપમાં તેનો પિતરાઇ રામો તેની સાથે રહેતો. વરસ પૂરું થયું તે પહેલાં તો તેના પિતરાઇએ તેને તાડીનો સ્વાદ ચખાડયો અને પછી તો દરેક ખેપમાં તે હોય જ. આમ મકનને તાડીનો સ્વાદ લાગ્યો. ગાડાની આવક ઓછી થતી ગઈ અને બળદો પણ અધભૂખ્યા રહેવા લાગ્યા. પહેલી વાર મકન પીધેલો ઘેર આવ્યો ત્યારે પાર્વતીને સખત આઘાત થયો.

"સત્યાનાશ વાળ્યું !" તે બોલી ઊઠી.

"મૂંગી મર ! શું કાંઈ તું પૈસા આપે છે ?" મકને કહ્યું.

"તમે આજે તાડી પીધી છે," પાર્વતીએ ગુસ્સામાં જવાબ આપ્યો.

"હા, હા, પીધી છે. કાંઈ તારા બાપના પૈસાથી નથી પીધી ? મને પૂછનારી તું કોણ ?" મકને રોફબંધ કહ્યું.

"ખબરદાર ! ઘરમાં પગ મૂક્યો તો. તારા બાપને ત્યાં જા. મેં આજે રાંધ્યું નથી," પાર્વતીએ સાફ સાફ સંભળાવ્યું. સાચા તિરસ્કારને લીધે તેનો ચહેરો કદરૂપો લાગતો હતો.

"કાળું કર ! તારૂં ધૂળ જેવું રાંધ્યું મારે નથી જોઇતું," મકને કહ્યું અને એક મારવું બાકી રાખ્યું. આમ ઘણી વખત થવા માંડયું અને કોઇ કોઇ વખત તો તે પાર્વતીને મારતો પણ ખરો. તે રડતી રડતી તેના નાના બાળકને લઈ જેઠાણીને ત્યાં ચાલી જતી અને ત્યાં કુટુંબનાં બધાં માણસો ભેગાં થઈ વિચાર કરતાં. વખત જતાં સ્થિતિ વધુ ને વધુ ખરાબ થતી ગઇ. બળદ ઘરડા થયા હતા અને ઊતરી ગયા હતા. મકને ખોટમાં તે વેચી દીધા અને નવી જોડ લેવા વિચાર કર્યો. પણ તેની પાસે પૂરતા પૈસા નહોતા. ફરી કોઇવાર દારૂની દુકાને ન જવાની શરતે પાર્વતીની દૂધ દહીં અને કાંતણની બચતમાંની જણસો તેની પાસે વેચાવી દીધી અને તેને આધારે તેની વિધવા બહેન પાસેથી થોડા પૈસા ઉછીતા લીધા. તેણે નવા બળદ ખરીદ્યા. ત્રણ મહિના વીતી ગયા એટલે વાણિયાએ તેના માણસને મકનને ત્યાં ઉઘરાણીએ મોકલ્યો. મકને થોડા દિવસની મુદત માગી અને તેણે આપી. એક વાર, બે વાર, અને ત્રણ વાર; પણ ચોથી વાર વાણિયાનો માણસ આવ્યો અને એક બળદ લઇ ગયો.

મકન શાહુકારને ત્યાં દોડી ગયો અને એક મહિનાની વધુ મુદત આપવા આજીજી કરી.

" દારૂડિયા ! એક દિવસની પણ નહિ. મારા લેણા નીકળતા પૈસા ચૂકવ્યા સિવાય નવા બળદ લાવવાનું તને કોણે કહ્યું હતું ? "

" તમે તો અમારા મુરબ્બી જેવા છો. થોડા વખતની મુદત આપો ને હું જરૂર તમારા પૈસા ભરી દઈશ, " મકન કરગરી બોલ્યો.

" હું તો હવે એક દહાડો પણ રાહ નથી જોવાનો. આ તારો બળદ શનિવારની હાટમાં મોકલવાનો છું, સમજ્યો ? " શાહુકાર બોલ્યો.

" ભાઇશા'બ, મને મારી ન નાંખો. હું કાંઈ ભિખારી નથી. મને મુદત આપો તો તમારી એક પાઈ પણ ખોટી થવાની નથી, " મકને દલીલ કરી.

" ના, એમ નહિ બને, " શાહુકારે કહ્યું.

" હું વ્યાજ આપીશ, " મકને જવાબ આપ્યો.

" બહાર નીકળ, મૂરખ ! વ્યાજની વાત કરે છે ! કાંધીઆ મુસલમાન પાસે જા, ઉછીતા લે અને મારા પૈસા ચૂકવી આપ. નહિ તો આવતી કાલે તારો બળદ પાણીના મૂલે વેચી દઈશ, " શાહુકાર બોલ્યો.

" મકન, બીજો કાંઈ ઉપાય નથી, " વાણિયાના

મુનીમે કહ્યું. “ પેલા સુલેમાન પાસે જા. તે કાંઇ રસ્તો બતાવશે. ”

૩

મકન તેના વૃદ્ધ પિતા પાસે ગયો અને મોટા ભાઈને પોતાને જોઈતા પૈસા આપવા સમજાવવા વિનંતિ કરી. તેનો ભાઇ તો તેને મદદ કરવા રાજી હતો પણ તેની સ્ત્રી તેને મદદ કરવા દે એમ નહોતું.

તેણે કહ્યું: “ તમે જો પૈસા આપ્યા તો તે ગયા જ સમજજો. તેને વીરચંદ શેઠ પાસે મોકલો ને? અત્યારે આપણે ભીડમાં છીએ. કોને ખબર કે આણ સાલ વરસાદ સારો જ થશે? પોરે આ વખતે આપણે ભીડમાં આવી પડીએ ત્યારે આપણને કોણ મદદ કરવા આવવાનું છે જે? ”

છેવટે મકન સુલેમાન પાસે ગયો. ગામનાં દરેક ઘરની, વાણિયાની સુદ્ધાં, પૈસા સંબંધી સારીનરસી સ્થિતિ ઉપર બારીક ધ્યાન આપવાની તેને ટેવ હતી.

તેણે કહ્યું: “ તને ખબર નથી. વાણિયો પણ હમણાં ભીડમાં છે. તેણે પણ મારી પાસે પૈસા માગ્યા હતા. ”

" મોટા માણસની ભીડ તો ગમે તેમ ભાંગે. પણ મારો બળદ જો લઇ જાય અને વેચી નાંખે તો પછી મારૂં શું થાય ? મને અત્યારે તો મદદ કરો, " મકને કહ્યું.

" પણ ભાઈ, હું તને પૈસા તે ક્યાંથી લાવીને આપું ? મારૂં રોકડ તો બધું વાણિયાને આપવાનું મેં વચન આપ્યું છે, " સુલેમાને કહ્યું.

" પણ મારે હમણાં ચાલે એમ નથી. ગરીબ સામે તમારે જરા જોવું જોઇએ. એમાં બીજાની વાત ક્યાં લાવો છો ? "

ઘણું ઘણું કહ્યા અને કરગર્યા પછી તે કબૂલ થયો. મકનને રૂપિયા પિસ્તાલીસ આપ્યા અને રૂપિયા સાઠનું ખાતું પડાવી લીધું. આ રૂપિયા દર મહિને પાંચ–પાંચને હપ્તે બાર મહિનામાં પૂરા કરવાના હતા. આનું વ્યાજ આપવાનું નહોતું, પણ જો મહિને પાંચ રૂપિયા ન ભરાય તે મહિને એક રૂપિયો ગુનેગારીનો ભરવાનો ઠરાવ્યો.

" મકના, તારા વિશ્વાસે છું હોં. મહેનત કર, પૈસા કમા અને નિયમિત હપ્તો ભર. દારૂ છોડી દે. તું ભલો માણસ છે. તારે બાયડી છે, છોકરૂં છે ને હજી વસ્તારી થઈશ. દારૂ પીશ તો પાયમાલ થઇશ. "

"ખરી વાત છે, શેઠ. હવે તે ગોઝારી ચીજને કદી નહિ અડું. મને તો શીખવાનું મળ્યું. તમે મને અણીને વખતે મદદ કરી છે તે તમારો પાડ નહિ ભૂલું."

મકન વાણિયાનું લેણું ચૂકવી બળદ છોડાવી લાવ્યો. બાકીના પૈસા તેણે પાર્વતીને આપી દીધા.

પૈસા આપતાં આપતાં તેણે કહ્યું: "આમ જો, ફરી તાડી ન પીવાના મેં સોગંદ ખાધા છે. પાસે પૈસા પણ રાખવા નથી. લે, એનું તારે કરવું હોય તે કર. હવેથી જે પૈસા આવશે તે તને જ આપી દઇશ."

પાર્વતી તો ખુશખુશ થઇ ગઇ. સુખનાં દિવસો આવતા હોય એમ તેને લાગ્યું. તે ઉલ્લાસભરી, આનંદથી હરખાતી પોતાને કામે ઊપડી ગઇ.

૪

હવે ખેતરમાં કાંઈ કામ રહ્યું નહતું. પાર્વતીએ વિચાર્યું: "મારે કાંઈ કામ મેળવવું જ જોઈએ. એમને માથે દેવું છે ત્યારે તો મારે કાંઈ મદદ કરવી જ જોઇએ." ઘરડો સુલેમાન તેના ઘરમાં એક નવો ઓરડો વધારતો હતો એટલે તેને ત્યાં કડિયા મજૂરનું

પુષ્કળ કામ હતું. ત્યાં કામ કરતી ત્રણ ચાર મજૂરણો સાથે તે કામે જોડાઇ.

તે સવારે વહેલી ઊઠતી, સાફસૂફ કરતી, ભેંસ દહોતી, છાશ તાણતી અને દહીં ઘી વેચવા ગામમાં નીકળી પડતી. પોતાને ઝાઝી ખોટી ન કરવા તેણે દરેક ઘરાકને કહી મૂક્યું હતું અને તેઓ તેને ઝાઝી રોકતા નહિ. ઘેર આવી તે ખાઈ લેતી, છોકરાને ધવરાવતી અને પછી તેની જેઠાણીને સોંપી સુલેમાનને ત્યાં કામે ચાલી જતી. બપોરે તે પાછી ઘેર આવતી અને થોડો સમય મળતો તેમાં ટાઢી ઘેંસ પી લેતી અને છોકરાને ધવરાવતી. દિ' આથમે તે કામથી છૂટી થતી અને ઘેર આવી સાંજનું ઘરકામ આટોપતી. આ બધું તે ઉમંગથી કરતી. કામ સખત તો હતું પણ રોજના છ આના મળતા. તેની ચાલુ સ્થિતિમાં આ રકમ ઘણી હતી.

'મારો ધણી હવે તો સુધરી ગયો' એ આશાથી પાર્વતી હરખાતી હતી. દારૂની દુકાને ન જવાનું મકને બે મહિના સુધી પાળ્યું. પણ પછી તે પાછો બગડયો. બચતના પૈસા પાછા ઊડી જવા લાગ્યા અને ભાડાની કમાણીના પૈસા પાર્વતીને મળતા તે પણ

બંધ થયા. તે બહારગામ જતો, બે ત્રણ દિવસે પાછો આવતો અને સાથે બળદને માટે થોડો દાણોપાણી કે ઘાસચારો લાવતો. બાકીના પૈસા માટે તે કાંઇને કાંઇ જુઠાં બહાનાં કાઢતો. થોડા વખત પછી તો આ બહાનાં યે બંધ થયાં. પાર્વતીએ પણ પૂછવાનું છોડી દીધું. પણ તેણે તો ઘર આગળ અને મજૂરીએ સખત કામ કરવું ચાલુ જ રાખ્યું.

એક વખત સુલેમાન આવ્યો, હપ્તાના પૈસાની તાકીદથી ઉઘરાણી કરી અને જરા ચકમક ઝરી પણ ખરી. કડિયા—મીસ્ત્રી સાથે કામ કરતી હોવાથી તે ગાળોથી તો ટેવાઇ ગઇ હતી; પણ તેની જિંદગીમાં, આ પહેલી જ વખતે, ન સાંભળ્યા હોય એવા અપમાનજનક શબ્દો તેને સાંભળવા પડયા. તે ઘરમાં ગઈ અને પૈસા લાવીને ઉઘરાણી કરનાર તરફ ફેંકયા. મકન વખતોવખત એની પાસેથી પૈસા ઉપાડી જતો છતાં આટલા પૈસા તેણે બચાવી રાખ્યા હતા.

આખો દિવસ પાર્વતીએ રડયા કર્યું. બીજે દિવસે તેને શરીરે ઠીક ન હતું છતાં હમેશ મુજબ તે કામે ગઇ. પણ ઉઘરાણી કરનાર જે ભયંકર શબ્દો બોલ્યો હતો તે કેમે કર્યા વિસરાતા નહોતા. તે પહેલાંના જેવી

બહાદુર ઉલ્લાસભરી સ્ત્રી નહોતી રહી. કડિયા સાથે કામ કરતાં પુરુષોના કઠોર અવાજથી તે કંપતી. નવાઈ જેવું લાગશે પણ જ્યારે તેનું મન નિડર અને સ્વસ્થ હતું ત્યારે પુરુષોની વિષયી આંખો અને ધ્યાન ખેંચાતાં નહિ તેટલાં હવે તેની ગભરામણમાં તેના તરફ ખેંચાવા માંડયાં. સુલેમાનનો દીકરો કડિયા કામ ઉપર દેખરેખ રાખતો હતો. તેની નજર અને તેના શબ્દોથી તે ઘણી ગભરાઇ જતી.

પાર્વતીએ જ્યારથી આ કડિયા કામે જવા માંડયું ત્યારથી તેના બાળકની બરાબર સંભાળ લેવાતી નહતી. તે બાપડું એકાએક માંદું પડયું અને એક દિવસ તો શરદી અને ઉધરસ સાથે તેને ખૂબ તાવ આવ્યો. અઠવાડિયાની પીડા અને વેદના ભોગવી તે બિચારૂં મરી ગયું.

મફન સ્ત્રીની માફક રડયો. તેના વૃદ્ધ બાપે તેને સાન્ત્વન આપતાં કહ્યું: " બેટા, રડ મા. જેણે આપ્યું તેણે લઈ લીધું. "

" કાકા, ઈશ્વરે મારા ઉપર આટલું દુ:ખ શાને મોકલ્યું ? મેં તો કોઈનું કાંઈ બગાડયું યે નથી, " પાર્વતીએ કરુણ રૂદન કરતાં કહ્યું.

" વહુ બેટા, ગાંડી ન થા. રડ મા. હજી તો તું જુવાન છે. કાલે સવારે ભગવાન બીજાં છોકરાં આપશે. કુંભારનાં ઘડયાં હોય એટલાં બધાં કાંઈ પાકે નહિ. એમાં શોક કર્યે શું કામ આવે ?" ડોસાએ આશ્વાસન આપ્યું.

" કાકા, હવે મારે બીજાં છોકરાં નથી જોઇતાં. હું મારાં સુખદુઃખથી ધરાઈ ગઈ છું. હવે તો ભગવાન મોત આપે તો સારૂં. "

વૃદ્ધ ડોસા હસી પડયા અને કહ્યુંઃ " તારા ધણીને કહે કે તે હવે પીઠામાં ન જાય અને પૈસો બગાડે નહિ. એટલું કરશો તો આ દુઃખ ભૂલી જશો, છોકરાં યે થશે અને સુખી થશો. "

" બાપા, હવે હું તે ઝેરને કદી યે નહિ અડકું. એમ કરૂં તો મારા જીવના સમ," મકને સોગંદ ખાધા.

૫

બિચારી પાર્વતીના દુઃખનો હજી યે પાર નો'તો આવ્યો. મકનના સોગંદ તો બીજા જ શનિવારે તે વાસણના પીઠા આગળથી નીકળ્યો ત્યારે જ ભુલાઇ ગયા. ઘણો વખત થયાં તેણે તાડી છોડી મહુડાનો રસ લેવા માંડયો હતો. એક વખતે તે રૂની ગાંસડી લઇને નવસારી ગયો હતો. ત્યાંથી પાછાં વળતાં બીજા ગાડી-

વાળા સાથે તે પીઠા આગળ અટકયો અને પોતાના સાથીઓને બૂમ પાડીને કહ્યું: " એલા ઓ ! ચાલો, કોને આવવું છે ? હું તો તેને અડકવાનો નથી, મને તેની પરવા પણ નથી. "

" તારે તેની પરવા નથી તો પૈસા ગાંઠે બાંધીને ચાલતો થા. બીજાઓ આગળ ડંફાસ શા સારૂ મારે છે ? " કૂદકો મારી નીચે ઊતરી પીઠામાં પેસતાં એક ગાડાવાળાએ કહ્યું.

મકન થોડો વખત તો થોભ્યો પણ પછી " બસ, આ છેલ્લી જ વખત " એમ કહીને અંદર દાખલ થયો.

બીજા શનિવારે પણ આમ જ બન્યું. " બે ઘડી માંડ નચિંત થવાનું બને તો શા માટે જતું કરવું ? " તેણે તેના સાથીને કહ્યું.

" જહાન્નમમાં જા. આપણે કમાયા છીએ અને આપણે ખરચવાના છીએ. આપણને કોણ ના પાડનાર છે ? " બીજાએ કહ્યું.

એટલે ત્રીજાએ ટાપસી પૂરી: " ખરૂં છે. આ જગત તો નાશવંત છે. કાલ કોણે દીઠી છે ? લક્ષ્મી કોની થઇ છે કે આપણી થશે ? એ નથી તારી કે મારી. "

ચોથો ધીમેથી બોલ્યો : " અરે ના રે ! એ તો

પીઠાવાળાની છે " અને બધા હસ્યા.

" મૂર્ખાઓ ! " એક જણ બરાડી ઊઠયો: " તમે



આ દારૂ કેવો બધું બાળીને ભસમ કરતો અંદર જાય છે.

તો મોટા પંડિત જેવી વાતો કરો છો. આ દારૂ કેવો બધું બાળીને ભસમ કરતો અંદર જાય છે ! "

" મુઆ આ રૂના વેપારી !" મકને કહ્યું. "એ લુચ્ચાઓ આપણને ભાડામાં છેતરે છે હોં."

આમને આમ અંધારૂં થતાં સુધી ચાલ્યા કર્યું. અને પછી તેઓ ગાડે પાછા ગયા.

સુલેમાનને ઉઘરાણીએ આવવાનો હવે વખત થયો હતો. તે આવે તે પહેલાં તેની ઘેરે જઇ પૈસા આપી આવવા પાર્વતી તેને સમજાવતી હતી.

"મરશે ! તેને અહીં આવવા તો દે. અહીં આવીને કાંઈ એલફેલ બોલશે તો તેનું માથું જ ભાંગી નાંખીશ," મકને કહ્યું.

પણ મુસલમાન ઘણા દિવસ સુધી આવ્યો જ નહિ. કદાચ બીજાં કામોમાં રોકાયો હશે, અને મકન આ વાત તરત જ ભૂલી ગયો.

એક દિવસ સવારે સુલેમાનનો દીકરો ઈસ્માઇલ આવ્યો. તેણે તો પૈસા માગવાને બદલે સુરણના થોડા કોથળા નવસારી લઈ જવા મકનને કહ્યું.

" મારે તો ભીમા પટેલનું ઘાસ ભરી જવાનું છે. એક અઠવાડિયાથી મેં બોલી કરી છે."

" તેનું કાંઇ નહિ, મકના. તેનું ઘાસ બે દિવસ

રહીને જશે. મારા કોથળા તો તારે લઇ જ જવા પડશે. આજે જો તે નહિ જાય, તો અમારા સોદામાં અમને ખોટ જાય એમ છે. ”

તે હમાના પૈસા માગવાનું તો ભૂલી જ ગયો એ ખ્યાલથી, ઘણું સમજાવ્યા પછી તે જવા કબૂલ થયો.

સાંજે, મકન હજી આવ્યો ન હતો અને પાર્વતી એકલી ઘરમાં રાંધતી હતી ત્યારે ઇસ્માઈલ ફરી આવ્યો.

“ કેમ મકન આવ્યો કે ? ” બહાર રહ્યા રહ્યા તેણે પૂછ્યું.

“ ના, હજી નથી આવ્યા, ” પાર્વતીએ જવાબ આપ્યો.

“ હં....હં....અત્યારમાં ક્યાંથી આવે ? અને વળી રસ્તામાં પીઠું છે, ” ઘરમાં દાખલ થતાં થતાં ઈસ્માઇલ બોલ્યો.

“ હં. અમારૂં બૈરાનું સત્યાનાશ વાળવા ત્યાં પીઠું છે જ સ્તો, ” પાર્વતીએ જવાબ આપ્યો.

ઇસ્માઇલ વગર કહ્યે ત્યાં બેઠો. મકન પાછો આવે તેની રાહ જોતો તે બેઠો હશે એમ ધારી પાર્વતીએ કામ કર્યા કર્યું. ઇસ્માઇલે વાતચીતની શરૂઆત કરી.

" સાચું કહેજે, આ તારા ધણીથી તું કંટાળી ગઇ નથી ? "

" જેની સાથે પાનાં પડયાં તેનાથી કંટાળ્યે કેમ પાલવે ? " તેના સામું ફરીને જોયા સિવાય કામ કરતાં કરતાં તેણે જવાબ આપ્યો.

" હાસ્તો. ધણી એટલે ધણી. એને કાંઇ છોડયો છોડાય છે ? " ઇસ્માઇલે કહ્યું.

" પણ તારા જેવી આવા દારૂડિયાને પાલવે ક્યાં પડી ? " તે ફરી બોલ્યો.

પાર્વતીએ જવાબ ન આપ્યો.

પછી તો ઇસ્માઇલે તેને તેની અડચણો પૂછવા માંડી અને વાતવાતમાં ઇધરઉધરની ઘણી યે વાતો કરી. થોડા વખત પછી મકનની રાહ જોયા સિવાય તે ચાલ્યો ગયો.

બીજે દિવસે પણ ઇસ્માઈલ આવ્યો, મકનને ટાંપે મોકલ્યો અને બપોરે લટાર મારતો પાછો આવી ચડયો. તેની સાથે તે થોડી મીઠાઈ લાવ્યો હતો. 'મારે તો એ મફતમાં જ આવી છે,' એમ કહીને પાર્વતીને તે પરાણે આપી.

" હું તને જોઉં છું ત્યારે મને જાણે ખૂબ આનંદ થાય છે, " તે બોલ્યો.

"ભગવાન જાણે આ વળી શું થવા બેઠું છે," પાર્વતી મનમાં બોલી.

"હું આવું છું ત્યારે તું ધ્રૂજે છે શા માટે? શું તું એમ માને છે કે હું પેલા પૈસા માટે તને હેરાન કરીશ? તું જો મારી સાથે માત્ર વાતચીત કરશે તો મને એ પૈસાની જરા યે પરવા નથી," ઇસ્માઈલે કહ્યું.

આ વાતને લંબાવવાની કાંઈ જરૂર છે? ઘણા દિવસ સુધી તો પાર્વતીએ સેતાન સામે ટક્કર ઝીલી, પણ આખરે તે પડી. ગરીબી અને લાચારીને લીધે સ્ત્રી અંતે ક્રૂર વિષયી માણસની જાળમાં ફસાય છે.

૬

વાસણની તાડીની દુકાન છે. અંત્યજોને દારૂ આપવાના બાકોરા આગળ અંત્યજોનું એક ટોળું ઘોંઘાટ કરતું હતું. અંદરનો ભાગ અતિશય ગંદો હતો. કચરો અને માખીઓ અને વાસી તાડીની દુર્ગંધથી જાણે એ નરક થઈ ગયું હતું. ત્યાં દારૂડિયાનાં કેટલાં યે ટોળાં અંદર બાઝતાં હતાં.

"સૂવર! ફરી જો બોલ્યો તો તો તારા દાંત જ પાડી નાંખીશ," મકને કહ્યું.

"દાંત પાડી નાંખવાવાળો નહિ દીઠો હોય તો!

એની હિંમત તો જુઓ. બાયડીને તો વશ રાખી શકતો નથી !"

ધડ દઇને મકને બોલનારના મોં ઉપર પ્યાલાનો ઘા કર્યો અને તેના નાકેથી લોહી વહેવા માંડયું.

"મૂર્ખાઓ ! બૈરાં તો એવાં જ હોય. બૈરાંની તકરારમાં આવી મઝાની તાડી કાં ઢોળી નાંખો છો ?" બીજાએ મોટેથી કહ્યું.

"અરે રામો મરી ગયો," ચોથાએ ઊઠતાં અને મકન સાથે લડતા માણસના નાકે અને મોંએ લાગેલું લોહી લૂછી નાંખતાં કહ્યું. તેને સહેજ ઇજા થયેલી હતી. તે ઊઠીને ઊભો થયો અને પાસે પડેલી ઇંટ મકન તરફ જોસથી ફેંકી. ડોકું નીચું નમાવી દઇ મકને ઘા ચૂકવ્યો.

કલાલે તેની જગ્યાએ રહીને બૂમ પાડીઃ "દુકાનની અંદર મારામારી ન કરો."

મકન ત્યાંથી ભાગ્યો. તેનો દુશ્મન તેની પાછળ દોડયો પણ બારણામાં જ ઠોકર વાગતાં તે ધબ દઇને પડયો. મકન તેના ગાડા આગળ ગયો અને મોટેથી ગાળો ભાંડતાં ભાંડતાં ગાડું હાંકી મૂકયું.

હમેશ કરતાં વહેલો તે ઘેર આવી પહોંચ્યો અને જોયું તો બારણાં અંદરથી બંધ.

" એ અલી ! બારણાં અંદરથી બંધ કરીને કરે છે શું ? આ હું ક્યારનો ઊભો છું ને ? ચાલ, ઉઘાડ બારણાં અને બળદને પાવા લઈ જા," મકને બહારથી બૂમ પાડી.



આ તરકડાને ઘરમાં કેમ ઘાલ્યો છે ? રાંડ, કુલટા !

અંદર પગનું હલનચલન થઈ રહ્યું, થોડો વિલંબ પણ થયો અને તેણે બહાર બૂમ પાડયા જ કરી.

બારણું ઉઘાડી પાર્વતી બહાર આવી. મકન સામે ઊભા રહીને તેણે કહ્યું: "જરા આવોને, આ ભેંસ તો જુઓ. કોણ જાણે શું થયું છે, આખો દિવસ બસ લાતો જ મારે છે અને દોહવા દેતી નથી." પાર્વતીએ ઘરની પાછળના વાડામાં તેને લઇ જવા યત્ન કર્યો.

"મુઇ તારી ભેંસ! ક્યારનો તરસ્યો થયો છું. પાણી આપ," એમ કહીને તે ઘરમાં ગયો.

ઈસ્માઈલ અંદર હતો તે દીવાલ આગળથી બહાર છટકવાનો યત્ન કરતો હતો.

"આ તરકડાને ઘરમાં કેમ ઘાલ્યો છે? રાંડ, કુલટા!" મકને રાડ પાડીને કહ્યું.

પાસે જ એક કોદાળી પડી હતી તે લઈ તેણે તેની સ્રી તરફ ફેંકી. પછી બાજુએ પડેલું ધારિયું ઊંચું ઉગામીને નાસતા ઈસ્માઈલ ઉપર જોરથી માર્યું. તે નીચે પડયો. એને પુષ્કળ લોહી નીકળવા લાગ્યું. પછી તે તેના ભાઈની ઝૂંપડી તરફ દોડી જતી પાર્વતી પાછળ દોડયો. તે પાછળ તો પડયો પણ આ અવાજ સાંભળી દોડી આવેલા પાડોશીઓને જોઈ તે ખંચાયો. તેણે પડેલા ઈસ્માઈલ તરફ પાછું ફરીને જોયું અને

તેને હાલતો જોઇને, બૂમો પાડતો, તેને પૂરો કરવા ધસ્યો. ભેગા થઇ ગયેલા લોકોએ તેને ઝાલી રાખ્યો.

૭

જલાલપુરની પોલિસ ચોકી છે. મકન અને પાર્વતીને જુદી જુદી ઓરડીમાં રાખ્યાં છે. બધા સિપાઇઓ પાર્વતીની ઓરડી આગળ કાંઈ કાંઈ બહાને આંટા મારતા અને તેના તરફ સ્મિત કરવાનો યત્ન કરતા. જેને જેને તેની સાથે વાત કરવાની તક મળતી તે મીઠાશથી વાત કરતો. પણ પાર્વતી તો અકલ્પ્ય મૂંઝવણ અને ચિંતામાં ગરકાવ હતી. પહેલી જ વખત પકડાઇને પાંજરામાં પુરાયેલા જંગલી પશુની લાગણીનો સાચો ખ્યાલ આવી શકતો હોય, તો જ કાયદા અને પોલિસના પંઝામાં સપડાયેલી એક ખેડૂત સ્રીના સંકટનું યથાર્થ ભાન થાય.

" તમે સાચેસાચી વાત કબૂલ કરી લો તેમાં તમને ફાયદો છે, " ફોઝદારે કહ્યું. " પછી શું કરવું તે અમે જોઇ લઇશું. "

" પણ સંતાડવાનું છે શું ? " મકને કહ્યું. " હું કાંઈ જાણતો જ નથી. હું તો નવસારીથી શનિવારે પાછો ફર્યો. "

" ભલા માણસ ! તેમાં કાંઈ નહિ વળે. તારી વહુએ બધી વાત કહી દીધી છે. "

" રાંડ ! કુલટા ! આ બધાનું મૂળ તો એ છે ! "

" હાં, ખરેખર ! બૈરાંજ ઝગડાનું મૂળ હોય છે. હવે બધું કહી દે. બીશ નહિ. "

" મારે શું કહેવાનું છે ? તમે કહો છો ને કે એણે બધું કહી દીધું છે. "

" હાં, હાં, પણ તારે ય કહેવું જોઇએ. નહિ તો સાત વરસ સમજી લેજે, હરામખોર ! "

" સાત વરસ તો સાત વરસ ! હું કાંઈ નથી કહેવાનો. "

એટલે પોલિસનાયક બોલ્યોઃ " તમે આમ નરમ નરમ શબ્દો બોલો ત્યાં સુધી આ કોળીની જાત આમ જ કહેવાની. એ તો આ—(કબુલાત કઢાવવાના ઉપાયનો ન કહી શકાય એવો ઉલ્લેખ કર્યો) કરશો એટલે ઠેકાણે આવશે. "

" સાચું " ફોઝદારે કહ્યું. " તમે એની લંબાણ-પૂર્વકની તપાસ પાછળથી કરજો. " ' તપાસ ' શબ્દ એ ખાસ સૂચક રીતે બોલ્યો.

તેઓ પાર્વતીને પણ પૂછી પૂછીને પજવતા હતા.

"બાઇ !" પોલિસનાયક બોલ્યો. "તું નિર્દોષ દેખાય છે. સુલેમાન અને તેનો દીકરો તારે ત્યાં શુક્રવારે સાંજે આવ્યા હતા, નહિ ?"

"બાપદીકરો ? ના." તેણે જવાબ આપ્યો.

"હાં. ઇસ્માઈલ એકલો આવ્યો હતો ?" પાસે ઉભેલા સિપાઇઓને આંખની સંજ્ઞા કરતાં નાયકે પૂછ્યું.

"સાહેબ, એમ પૂછો નહિ. મારે ત્યાં મુસલમાન શા સારૂ આવે ? બૈરાં માણસને આવી બેશરમ વાત પૂછો નહિ. મને ઘેર જવા દો. મારા કાકા અને સાસુ ત્યાં છે. તમે તેમને પૂછીને જાણી લ્યો."

"ઘેરે તો રહેતે રહેતે જવાશે. હજી વાર છે, સમજી ? તું સાચું નહિ કહે ત્યાં સુધી નહિ જવાય."

"અરે ભગવાન !" પાર્વતી બોલી ઊઠી.

"આમ નરમ સવાલોથી તે નહિ બોલે," નાયક બોલ્યો. "તે ચકોર છે. કઇક બેવકુફોને એણે પાયમાલ કર્યા હશે."

"અરે, સાહેબ ! તમને પણ વહુ દીકરીઓ છે. દયા રાખો," પાર્વતીએ કહ્યું.

"સળિયા ઊના કરી લાવો," નાયકે હુકમ કર્યો.

" ઓ સાહેબ, મારા ધણીને પૂછો. તે તમને બધું કહેશે. મારા જેવી અભાગણીને નાહકના શાને દુઃખ દો છો ? "

"હં, તારા ધણીને પણ પૂછીશું. અમે તેને પૂછયું છે અને તેણે બધું કહી પણ દીધું છે. એ તો તું જ સંતાડે છે, " ફોઝદારે કહ્યું.

" તેણે તમને કહ્યું છે ? " પાર્વતીએ દુઃખથી પૂછયું.

" હા, અને આ બધાનું કારણ તું છે એમ તેણે તો કહ્યું છે. "

" અરે ભગવાન ! " હાથ ઘસતાં પાર્વતી બોલી અને જમીન પર ચત્તી પડી ગઇ.

" રડવાથી કાંઈ વળવાનું નથી, " પોલિસનાયકે કહ્યું. " આ બધાથી કાંઇ અમે છેતરાઇ જવાના નથી. તું તો બરાબર પાવરધી થયેલી લાગે છે. કેટલા મૂર્ખાનું સત્યાનાશ વાળ્યું છે ? "

" અરે ભગવાન ! એવી વાત ન કરો, ભાઈ. તે આવ્યો અને તેના હપ્તાની ઉઘરાણી કરી. "

" હં. હવે રસ્તે આવી. સાહેબ, મેં નો'તું કહ્યું ? " પોલિસનાયક ફોઝદાર તરફ ફરીને બોલ્યો.

"માત્ર તું જો સાચું બોલશે તો તને છોડી મૂકીશું. બૈરાંને કોણ જેલમાં પૂરવાનું હતું ? તારો ધણી પણ થોડામાં છૂટી જશે. અમે એટલું કરીશું."

"આજ મને ઘેર જવા દો. કાલે બધું કહીશ."

"સારૂં." ફોઝદારે કહ્યું. "એ કહેશે એમ લાગે છે."

"એકવાર ઘેર ગઇ પછી સાચું નહિ કહે," નાયકે કહ્યું.

"પણ આપણે એને રાત્રે થાણામાં નહિ રાખી શકીએ. આપણે એને કેદ નથી કરી," ફોઝદારે એક બાજુ જોઇને કહ્યું.

"ઠીક, સાહેબ ! આપણે એને રાતે બંદોબસ્ત થી ઘેર પહોંચાડવી પડશે, અને કાલે સવારે અહીં પાછી હાજર કરવી પડશે."

૮

મકનના પિતાએ તેના મોટા દીકરાને વકીલ કરવા સમજાવ્યો. ખર્ચને પહોંચી વળવાં તેમણે તેનું ગાડું વેચી દીધું અને તે પૈસા ખરચાઈ ગયા ત્યારે પાસેના ગામના તેમના એક સગાને ત્યાં ભેંસ ગીરે મૂકીં બીજા પૈસા ઉપાડયા. આ બધા દુઃખના મૂળ તરીકે બધા પાર્વતી પર શાપ વરસાવતા હતા.

ગુનાને દિવસે મકન ઘેર નહોતો પણ નવસારી હતો, એવી જુબાની લેવરાવ્યા પછી તેના વકીલે મકનના બચાવમાં, તેનાં સગાંસંબંધીઓને સંતોષ થાય એમ, ત્રણ કલાક સુધી મેજિસ્ટ્રેટ આગળ ભાષણ કર્યું.

સુલેમાને કસમ ખાઈને જણાવ્યું કે એ અને એનો દીકરો મકનને ઘેર ગયા હતા, અને પૈસાની ઉઘરાણી કરી હતી. આથી મકન ગુસ્સામાં આવીને એલફેલ ગાળો દેવા મંડયો. મેં તેને સમજાવ્યો અને પૈસા ચૂકવી દેવા કહ્યું. એટલે મકને ધારિયું લઇ મારા ઉપર હુમલો કર્યો. હું તો મુશ્કેલીએ બચી ગયો પણ આ મારો દીકરો વચ્ચે પડયો તેને સખત વાગ્યું અને નસીબના જોરે એ બચી ગયો, નહિ તો ત્યાં જ પૂરો થઇ જાત. ઘા માથા ઉપર ન પડયો પણ જમણો કાન વાઢીને ચાલ્યો ગયો.

કોર્ટમાં પાર્વતીની જુબાની લેવાઇ. તેણે તો બધામાં નકાર ભણ્યો. વકીલે તેને નકાર ભણવાની સલાહ આપી હતી. તેણે કહ્યું કે અગાઉ મેં જે પોલિસ આગળ જુબાની આપેલી તે મારની બીકે આપેલી હતી. મેજિસ્ટ્રેટે કેસ સેશન્સ કમિટ કર્યો.

હવે બળદો પણ વેચી નાંખવામાં આવ્યા. સેશન્સ માટે નવો વકીલ કરવામાં આવ્યો. કેસની રાહ જોતી પાર્વતી તેને પિયર ભાઈને ત્યાં ગઈ.

પાર્વતીનો ભાઈ ગરીબ હતો અને મહા મુશ્કેલીએ પોતાનું પૂરૂં કરતો. તેની સ્ત્રી સોમી પાર્વતી તરફ સખ્તાઇથી વર્તતી. પાર્વતી જ્યારે તેના આંગણામાં રડતી કકળતી આવી અને તેના ભાઈ સાથે વાત કરવા લાગી ત્યારે સોમીએ કહ્યું: " ઊખડેલ બૈરાં માટે આ ઘર નથી. અમે તો ભોળાં ભાળાં ગરીબ માણસ છીએ."

બારણાં વાસી તે તો ખેતરે ચાલી ગઈ.

" બહેન, કોઢમાં જા, છાણ લઇ લે અને ખેતરે લઇ જા, " ભાઈએ કહ્યું.

પાર્વતી બને તેટલી ઉપયોગમાં આવવા યત્ન કરતી હતી અને સખત મહેનત કરી ખાવા જેટલું કમાતી. પણ તેની ભાભી નિર્દય હતી. તે તેનું ફાવે તેમ અપમાન કરતી અને તેને કનડતી. પાર્વતીએ આ બધું મૂંગે મોંએ સહન કરી લીધું.

એક દિવસ ફરીથી સિપાઈ આવ્યો અને કેસ ચાલવાનો હોવાથી પાર્વતીને પોતાની સાથે વડી કોર્ટે આવવા જણાવ્યું. પાર્વતીને આ પણ રાહત જેવું

લાગ્યું. આ મોટા થોભિયાવાળો મુસલમાન પોલિસ દયાળુ હતો. તે તેનું અપમાન કરતો નહતો પણ બાપની જેમ બોલતો હતો.

તેણે રસ્તે ચાલતાં ચાલતાં પાર્વતીને કહ્યું: "જે બન્યું હોય તે સાચેસાચું કહી દેજે. એ બિચારા પર જજ સાહેબ કદાચ દયા કરે."

"મારાથી એવી શરમની વાત કેમ કરીને કહેવાય?" પાર્વતીએ કહ્યું.

"એમાં શરમાવાનું શાનું? એવાં કામ તો ઘણા યે કરે છે. માણસ છે, કોઈવાર ભૂલ પણ થઇ જાય. ખુદા આપણને સંભાળે છે, પણ કોક વાર તે આપણને ખરાબ પણ થવા દે છે. એ તો તેની મરજીની વાત છે."

"તમે મને બધી વાત કહી દેવા સલાહ આપો છો?" પાર્વતીએ ફરીથી પૂછ્યું. "તો તો મને ન્યાતબહાર મૂકશે. મારો ધણી મને પાછી સંઘરશે નહિ. પછી હું શું કરીશ?"

"જો નહિ કહે તો તારા ધણીને છ વરસની જેલ મળશે, અને તું સાચું બોલશે તો છ માસમાં છૂટી જાય. આવું જ પહેલાં એક વાર બન્યું હતું. તું હમણાં તેને મદદ કરશે તો તે તારો અહેશાન માનશે.

ન્યાતમાં રહેવા માટે તો કાંઇ વિધિ કરી લેવી. ગમે તેમ, સાચું કહી દેવું એ જ સહીસલામત રસ્તો છે."

પાર્વતી કાંઇ બોલી નહિ. સાચું બોલવું એમ તેને મનમાં થયું, પણ તરત જ બીકમાં અને ગભરામણમાં તે વિચાર દબાઈ ગયો.

વેડછાથી તેઓ ગાડીમાં બેઠાં. સ્ટેશન ઉપરનાં માણસોનાં ટોળેટોળાં અને ગાડીની હેરત પમાડે એવી ગતિ: એ જાણે તેના જીવનની કરુણતામાં વધારો કરતાં હતાં. ગાડી જરા વધુ ગતિમાં આવી કે તરત જ એક જુવાન ખૂબસુરત છોકરો ક્યાંકથી ડબામાં આવ્યો અને ગાવા મંડયો. તે આંધળો હતો. તેની પાસે ગાવામાં મદદ કરતો બીજો એક ચીંથરેહાલ છોકરો ઊભો હતો.

"હરામખોરો! અત્યાર સુધી ક્યાં સંતાઈ રહ્યા હતા?" સિપાઇએ કહ્યું. ગાયન બંધ કર્યા સિવાય તેઓ હસતા હતા. તેઓ મધુર રીતે ગાતા હતા—કુશળ ગવૈયા કરતાં યે સુંદર. આ ભિખારીના છોકરા ક્યાં અને કેવી રીતે ગાતાં શીખે છે એ એક ભેદી કોયડો છે. ગાયન પૂરું થતાં આંધળા છોકરાએ હાથ લંબાવ્યો અને તેનો સાથી તેને દોરી ગયો. ડબામાંના દરેક માણસે, જાણે એ એક રીતસર કર હોય તેમ, એક

એક પૈસો આપ્યો. પાર્વતીએ પણ લુગડાની કોરનો ગાંઠ છોડી પૈસો આપ્યો. આખો દિવસ એ ગાયનના ભણકારા તેના કાનમાં વાગ્યા કર્યા. ગાયન અલૌકિક હતું અને તેને આખું સમજાયું પણ નહોતું, પણ તેની એક કડી, પેલા આંધળા છોકરા અને તેના સાથીના સૂરમાં, તેના મગજમાં ફરી ફરીને આવ્યા કરતીઃ

સમાજની ચોરીછુપીથી આ મેં કેવું પાપ કર્યું?
મારા બંધુઓ મારો સત્કાર કરશે ?
મારી મા મારો તિરસ્કાર કરશે ?

૯

સુરતમાં પાર્વતી માટે હલકી વીસીમાં ખાવાનો બંદોબસ્ત કર્યો. પોલિસ તેને ત્યાં લઇ ગયો અને તેને માટે અર્ધા ભાણાનો હુકમ આપ્યો. વીસીવાળી બાઇએ પાર્વતીને તે શા માટે સુરત આવી હતી તે પૂછ્યું. " તેમણે મને કોર્ટમાં પકડી આણી છે, " એમ તેણે જવાબ આપ્યો. એટલે ત્યાં ખૂબ માણસો ભેગાં મળ્યાં અને ત્યાં મોટું ટોળું એકઠું થઈ ગયું.

આગલે અઠવાડિયે શરૂ થયેલો કેસ હજી ચાલતો હોવાથી તે દિવસે કેસ ન ચાલ્યો. મકનનો કેસ ચાલ્યો ત્યારે પણ પાર્વતીને બોલાવી નહિ કારણકે સરકારી

વકીલે તે વિરુદ્ધ પક્ષની છે એમ જણાવ્યું હતું; એટલે મકનના વકીલે કહ્યું કે પોતે તેને બોલાવવા ઇચ્છે છે અને તેથી તેને રોકવા કોર્ટને માગણી કરી. સાંજે મકનનો ભાઈ તેને વકીલ પાસે લઈ આવ્યો. રસ્તે મુસલમાન સિપાઈએ તેને જે વાત કહી હતી તે જ વાત વકીલે પણ કહી.

તે તેના ધણીને બચાવવા ઈચ્છતી તો હતી પણ પોતાનું પાપ કબૂલ કરતાં તેને ધ્રૂજારી આવતી હતી.

આખરે પાર્વતીએ કહ્યું: "ભગવાન જેમ કહે-વડાવશે તેમ કહીશ."

"કુલટા !" મકનનો ભાઇ બોલ્યો. "જુઓને, વળી ભગવાનની વાત કરે છે ? ખાસડે ને ખાસડે તાલ જ પાડી નાંખવી જોઇએ."

"ત્યારે તમે કહેવરાવશો તેમ કહીશ. એક બાઈ-માણસ બીજું શું કરે !" તેણે તેના જેઠને કહ્યું.

વકીલને તો આ જ જોઇતું હતું. તેણે બધાને જતા રહેવા કહ્યું અને મકનના ભાઇ સાથે ખાનગી મસલત કરી.

બીજે દિવસે કોર્ટના ઓરડાની પાસે એક ઝાડની નીચે બીજાઓ સાથે રાહ જોતી ક્યારની યે તે બેઠી હતી.

એટલામાં તેનું નામ મોટેથી બોલાયું અને તે સફાળી ઊભી થઇ. તેને પાંજરામાં લઈ ગયા. તેણે આસપાસ જે જોયું તેથી તે હેબતાઈ ગઈ. કોર્ટના પશ્ચિમના ખૂણા તરફ નજર પડતાં જ, તેની આંખ તેના ધણીની સ્થિર દૃષ્ટિ સાથે મળી. તે સળિયા પાછળ જંગલી જાનવરની માફક ઊભો હતો. તેની દાઢી અને વાળ એટલા વધી ગયા હતા કે તે ભાગ્યે જ ઓળખાય. એક ગરીબ ખેડૂતને સાચા ખુની જેવા દેખાવા માટે બે મહિનાની જેલ પૂરતી છે.

" આ બધું મારે લીધે જ, " પાર્વતીને મનમાં વિચાર આવ્યો. તેને અપાર વેદના થવા લાગી. પાંજરામાંના સળિયાના આધારે તે માંડ માંડ સ્થિર ઊભી રહી શકી. જ્યારે કારકૂન અચાનક બોલી ઊઠયો: " સોગંદ ખા " ત્યારે તો તેનું માથું પણ ભમવા માંડયું.

"સોગંદ લ્યો."

" ઈશ્વરને હાજર જાણી જે કહીશ તે સાચું કહીશ. હું તે સાંજે રાંધતી હતી.... .... " પૂછવાની રાહ જોયા સિવાય પાર્વતીએ બોલવા માંડયું.

" ઊભી રહે, " ગુસ્સાથી કારકૂન ફરી બોલી ઊઠયો.



તે સળિયા પાછળ જંગલી જાનવરની માફક ઊભો હતો.

"તે તેનો પાઠ બરાબર ભણી ગઇ લાગે છે," ન્યાયાધીશે સરકારી વકીલ તરફ જોઇને કહ્યું.

"એ ક્યાં લગી ટકવાનું હતું?"

આ જવાબથી ત્યાં ખૂબ હસાહસ થઇ રહી. સરકારી વકીલ ખૂબ મોટેથી હસ્યો અને બીજા વકીલો પણ જરા ધીમા અવાજે તેમાં ભળ્યા. બચાવ પક્ષનો વકીલે ધીમેથી હસ્યો.

"હું કહું એમ કહે," કારકૂને સખ્તાઇથી કહ્યું. પાર્વતીને નવાઇ લાગી કે તેને તેના વકીલે તથા જેઠે જે બોલવાનું કહ્યું હતું તે ન કહેતાં તેને બદલે આ કારકૂન જે કહે તે બોલવાનું છે કે શું? પાર્વતીએ સોગંદ ખાધા અને પછી પ્રશ્નો પૂછવાનું કામ શરૂ થયું. તેઓ તેને વિચિત્ર અને કૃત્રિમ રીતે જે સવાલો પૂછતા તે તેને દર વખતે બરાબર સમજાતા પણ નહતા. તેણે કહ્યું: "ઇસ્માઇલ આવ્યો ત્યારે હું રાંધતી હતી. તેણે ખોટી વાત કરી. હું તેથી ચમકી ગઈ. મેં એનું કહ્યું માન્યું નહતું. એટલામાં મારો ધણી આવ્યો અને ગુસ્સામાં આવી જઇને તેણે તેના તરફ કોદાળી ફેંકી. હું બીકથી નાસી ગઈ. પછી શું થયું તેની મને ખબર નથી. પણ ઇજા થવાથી લોહી નીકળતા માથા-

વાળા ઇસ્માઇલને દોડી જતાં મેં જોયો હતો.” વકીલને ત્યાં આ પ્રમાણેની વાત નક્કી થઇ હતી.

“ જો હરામખોર ! ” મકને પિંજરામાંથી બૂમ પાડી. હજી તેને આશા હતી કે તે નવસારી હતો એમ પૂરવાર થશે.

પછી તેનો વકીલ તેની પાસે ગયો અને તેને શાંત કરવા તેના કાનમાં કંઇક કહ્યું. કેસ પૂરો થયો ત્યારે એસેસરોએ અભિપ્રાય આપ્યો કે મકન ખૂનની કોશીશ કર્યા માટે નહિ પણ સખ્ત ઉશ્કેરણીમાં મહા વ્યથા કર્યા બદલ ગુનેગાર છે. ન્યાયાધીશે ચુકાદો બીજા દિવસ ઉપર મુલતવી રાખ્યો.

બીજે દિવસે કોર્ટ બેઠી ત્યારે એનો ચુકાદો અપાયો. ન્યાયાધીશે જણાવ્યું :

“ હું એસેસરોના મતથી જુદો પડું છું, અને મકનને ખૂનની કોશીશ માટે ગુનેગાર ઠેરવું છું. હું સુલેમાન અને ઇસ્માઇલનો પુરાવો સ્વીકારૂં છું કે તેઓ મકન પાસે લેણા હપ્તાની ઉઘરાણી માટે ગયા હતા. તહોમતદાર દારૂડિયો છે અને ગુસ્સામાં આવી જઇને તેણે પ્રાણઘાતક હથિયાર વડે તેના પર હુમલો કર્યો અને માત્ર અકસ્માતથી જ અને બીજાં માણસો વચ્ચે પડવાથી જ સુલેમાન અને તેનો દીકરો મોતમાંથી

બચી ગયાં. હું તેની સ્ત્રીની વાત માની શકતો નથી કારણકે તેને આમાં હિતસંબંધ છે. અને ખાસ કરીને એટલા માટે કે તેણે મેજિસ્ટ્રેટ પાસે જુદી વાત કહી હતી અને વળી પોલિસ પાસે જુદી જ વાત કહી હતી."

છેવટે તેણે તેને છ વરસની સખત મજૂરીની સજા કરી. વળી ન્યાયાધીશે પાર્વતી ઉપર જુઠી સાક્ષી પૂરવાના ગુના બદલ કેસ કરી સેન્કશન મેળવી શકાય કે કેમ તેનો વિચાર કરવા સરકારી વકીલને ભલામણ કરી.

મકને સજા સાંભળી ત્યારે બૂમ પાડી ઊઠયો : " રાંડે મને છેતર્યો. બૈરી જ્યારે બેવફા નીવડે ત્યારે શું ધણી માત્ર જોઇ જ રહે ? "

" કેદીને લઇ જાઓ. " ન્યાયાધીશે ફરમાવ્યું.

" આ બધી હકીકત જણાવીને તું હાઇકોર્ટમાં અપીલ કરી શકે છે " એમ કહેતા કહેતા પહેરા ઉપરના સિપાઇઓ મકનને લઈ ગયા.

૧૦

કેસ પૂરો થતાં પાર્વતીના જેઠે કે બીજાએ તેને માટે જરા યે વિચાર ન કર્યો. મહા મુશ્કેલીએ તે પિયર પહોંચી. પેલા વૃદ્ધ મુસલમાન સિપાઇને કાંઇક દયા આવતી હતી તે તેને પાછી મૂકી ગયો.

"તારે બધી સાચેસાચી હકીકત કહી દેવી જોઈતી હતી. અને તે પણ શરૂઆતમાં જ," તેણે કહ્યું. "ન્યાયાધીશે તારી વાત સાચી ન માની કારણ કે તેં પહેલી કોર્ટમાં સાચું કહ્યું નહતું અને અહીંઆ પણ તેં ખરેખરી હકીકત કહી નહિ." પાર્વતી તેનું કહેવું સાંભળતી હતી પણ તેના શબ્દો ભાગ્યે જ તેના સમજવામાં આવ્યા. તેઓ રાત્રે મોડા પહોંચ્યા. સિપાઇએ તેને તેના નાના મકાનના બહારના વરંડામાં સૂઇ રહેવા અને બીજે દિવસે સવારમાં તેના ભાઇને ત્યાં જવા કહ્યું. તે રાત્રે તેની આંખ મળી નહિ. 'હું મારી ભાભીને શું મોં બતાવીશ ? હવે તો બધું ખતમ થઇ ગયું છે. ભગવાને મારી સામું જોતો નથી. હવે તો જીવતર કેમે કરી પૂરૂં થાય તો સારૂં. આમાંથી છૂટવાનો ઉપાય મારા હાથમાં છે. એ ઉપાય કોઇ લઇ જાય એમ નથી.' ઘણા કલાકના ઉજાગરા પછી સવારના પહોરમાં તેના થાકેલા મનને જરા આરામ મળ્યો. તે ઘોર ઊંઘમાં પડી ગઇ. સિપાઇ છ વાગે ઊઠયો અને તેને ઘસઘસાટ ઊંઘતી જોઈ તેને થયું: "ધણીને જેલમાં મોકલી આ બાઈ તદ્દન સુખી થઈ ગઈ હોય એમ લાગે છે. મૂરખ હોય તે આ બૈરાંઓનો વિશ્વાસ કરે."

કોઈ બાળકનું રડવું સાંભળી પાર્વતી જાગી ઊઠી. જાણે તેનું બાળક દર્દથી ચીસ પાડીને રડતું હોય એવું તેને સ્વપ્નું આવ્યું. તેનું બાળક તો ક્યારનું મરી ગયું છે અને પોતે રસ્તા પર રઝળતી ભિખારી બની ગઇ છે એમ સમજતાં કેટલીક ક્ષણો વીતી ગઇ.

તે બેઠી થઇ અને જોયું તો એક નાનો કાળો છોકરો તેની સામે ઊભો છે અને મોં પર આંગળી રાખી બાળકની પેઠે રડવાનો અવાજ કરે છે. તે વારા-ફરતી અચૂક રીતે માતાનો અવાજ અને બાળકના રડવાનો અવાજ કાઢતો હતો. પાર્વતીને બેઠી થયેલી જોતાં જ તેણે તમાશો બંધ કર્યો અને એક પૈસો માગ્યો.

"છોકરા, તારૂં ઘર ક્યાં છે?" પાર્વતીએ પૂછ્યું.

"એક પૈસો આપો."

"તારો બાપ કોણ છે?" પાર્વતીએ ફરી પૂછ્યું.

"મને ખબર નથી," નાના છોકરાએ કહ્યું.

"તારી મા નથી?" તેણે પૂછ્યું.

"છે, પણ તે મને ડુક્કર પાળનાર પાસે મૂકી વહી ગઈ છે."

"તને ખવરાવે છે કોણ?"

"ખવરાવે છે? હું જ. હું પૈસા લાવું છું, અને પેલા ડુક્કરવાળાને આપું છું. કોઇ કોઈ વાર તે મને

ખવરાવે છે, પણ ત્યારે હું એને પાછળથી પૈસા ચૂકવી આપું છું."

"આ છોકરા જેવું રડતાં તું ક્યાં શીખ્યો ?"

"હું અને એક બીજો રાનકુવા શીખેલા. મને કાંઈક આપો. મારે ડુક્કરવાળા પાસે જવું છે."

"એ ડુક્કરવાળો કોણ છે ?"

"તે આ શહેરમાં આવ્યો છે. તે ડુક્કર ખરીદે છે અને વેચે છે. અમે એક ગામથી બીજે ગામ ફરતા ફરીએ છીએ."

એટલામાં સિપાઇ બહાર આવ્યો અને છોકરાને ધમકાવી હાંકી કાઢયો.

"એ તો ચોરો છે. હમણાં બધું જોઈ જાય છે અને પછી એ ટોળીનાં માણસો ચોરી કરે છે. તને ઊંઘ ઠીક આવી લાગે છે," તેણે કહ્યું.

"ભગવાન તમારૂં ભલું કરે. તમે મારા બાપની ગરજ સારી છે," તેણે કહ્યું અને તેનાથી રડી પડાયું.

સિપાઈને તેની જરા યે અસર થઇ નહિ.

"તું તારા ભાઈને ગામ હવે જા," તેણે કહ્યું. "જો તાપમાં ન જવું હોય તો હમણાં ઠંડે પહોરે ચાલવા માંડ."

પાર્વતી ખરે બપોરે, ભૂખી તરસી લોથપોથ થઇ

ગયેલી તેના ભાઇને ઘેર પહોંચી. કડવા અનુભવ છતાં તેણે આશા રાખી હતી કે ભાભી કંઇક પીગળી હશે. પણ અફસોસ, તેના પહેલાં જ સમાચાર પહોંચી ગયા હતા. તેનો ભાઇ ખેતરે ગયો હતો અને ભાભી ઘેર હતી.

"કમજાત આવી પાછી !" તે બોલી ઊઠી. "સંતાડ તારૂં કાળું મોં. પોતાના ધણીને ખાઈ જતી અને તરકડા સાથે વહી જતી કરક્ષા માટે આ કંઈ ધરમશાળા નથી. મારા ઘરમાં પેસીને મારા ભોળા ધણીનું લોહી હું તને પીવા દઇશ ? હું યે વસ્તારી છું. તારી સોબતમાં છોકરાંને ઘડીભર પણ રખાય ખરાં ? ફર પાછી અને જેને ઘરમાં ઘાલ્યો હતો તેની સાથે રહે. અહીંઆ તારે માટે જગ્યા નથી."

"ભાઈ ! ભાઈ !" નિરાશાથી વિહ્‌વળ થયેલી પાર્વતી ભાઈ અંદર હશે એમ માનીને બૂમ પાડી ઊઠી. પણ તેને હોંકારો મળ્યો નહિ.

"ત્યારે તું પણ નહિ બોલે ? તેં પણ મને તરછોડી દીધી ?" તે બોલી ઊઠી. "ભગવાન ! તું કરે એ ખરૂં."

તે હૈયાફાટ રડી અને ભૂખી તરસી થાકેલી ત્યાંથી ચાલી ગઇ.

સૂર્ય પ્રચંડ તાપે તપતો હતો. પણ ન તો તેને તાપ લાગ્યો કે ન તો તેને ભૂખ લાગી. તે ફક્ત ભગવાનને જ ઓળખતી હતી અને સૂકે ગળે અને હોઠે માત્ર તેનું નામ દેતી હતી. તે પાસેના ગામ તરફ ઝપાટાબંધ ચાલી. ત્યાં એક ડુંગરી હતી. અને તેના ઉપર એક વિશાળ દહેરૂં હતું.

તે ડુંગરા ઉપર ચઢી. થોડાં ડગલાં ચાલી ત્યાં તો એટલી થાકીને લોથ થઈ ગઈ કે પર્વતના ખડકથી થયેલા છાંયડા નીચે તે મૂર્છા ખાઇને પડી.

થોડા વખત પછી તેને ભાન આવ્યું. અને તેણે ફરીથી ચાલવા માંડયું. તે દહેરાં આગળ પહોંચી ગઈ પણ અંદર ગઈ નહિ. તે મૂર્તિને લાંબી થઇને પગે લાગી અને સ્તુતિ કરી. તેના શરીરમાં સ્ફૂર્તિ આવી, તે ઊભી થઈ અને દહેરાંથી પણ ઊંચી આવેલી ટોચ ઉપર ચઢી.

ચઢાવ ઘણો મુશ્કેલ હતો પણ તેનામાં જાણે નવું જોમ પ્રગટયું હતું. તે ટોચે પહોંચી. ફેર ચઢે એટલી ઊંચાઈ હતી અને પશ્ચિમની કોર ઉપરથી તેણે નીચું જોયું.

"જગદંબા ! ક્ષમા કરજે. તારી ગોદમાં મને લઇ લે," એમ બોલીને અગાધ અવકાશમાં તેણે

ઠેકડો માર્યો. કેવા આનંદ અને
છુટકારાની એ ક્ષણ! પૃથ્વી
અને આકાશ ચલિત થઇને
ફરવા લાગ્યાં. હાશ! કેવી
ટાઢક, કેવું સુખ!
પછી ભયંકર ધડાકો થયો, જેવો
તેણે પહેલાં કદી નહિ સાંભળ્યો
હોય. તેના માથામાં કંઇક
ફાટયું હોય એમ તેને
લાગ્યું. અને પછી
શાશ્વત શાન્તિ.
પાર્વતીનો દુઃખી
આત્મા પિંજર-
માંથી ઊડી
ગયો.

